
# ધાનેરાનું અર્બન હેલ્થ સેન્ટર ગંદકીમાં ગરકાવ

## વડાપ્રધાનના જન્મ દિવસે ધાનેરા પાલિકાના સત્તાધીશો હાથમાં ઝાડુ પકડી ફોટા પડાવે છે ત્યારે સરકારનું જ અર્બન હેલ્થ સેન્ટર ગંદકીમાં ગરકાવ

ધાનેરા, તા. ૧૮

ધાનેરા નગરપાલિકાના પ્રસિદ્ધિ ભૂખ્યા સત્તાધીશોની પોલ ખુલી જવા પામી છે અને હવે તો લોકો ફેસબુક અનેવોટ્સઅપ દ્વારા પાલિકાને ચેલેન્જરૂપ મેસેજ પણ ફરતા કર્યા છે અને તેમાં લખ્યું છે કે ધાનેરા નગરપાલિકાના સત્તાધીશો પોતાની સસ્તી પ્રસિદ્ધિ મેળવા માટે થોડા સમય માટે હાથમાં ઝાડુ પકડી ફોટા પડાવે છે અને ન્યૂઝ પેપરો તેમજ ન્યૂઝ ચેનલોમાં બતાવી તેમની સસ્તી પ્રસિદ્ધિ કરાવે છે જેમ કે ધાનેરાની સફાઈ જ ધાનેરા નગરપાલિકા સત્તાધીશો કરે છે તેમ પણ ધાનેરાની વાસ્તવિકતા કૈંક જુદી જ જોવા મળી રહી છે. જ્યાં જુઓ ત્યાં ગંદકી જ ગંદકી જોવા મળે છે અને લોકો ગંદકીથી પીડાઈ રહ્યા છે. ત્યારે હવે ધાનેરાના લોકો પણ જાગૃત બન્યા છે અને પાલિકાને ચેલેન્જ રૂપ મેસેજ ફરતા કર્યા છે. જેમાં જણાવ્યું છે કે હાથમાં ઝાડુ પકડી સફાઈના ફોટા પડાવતા પાલિકાના સત્તાધીશો ક્યાં ગયા હવે જો વાત કરવામાં આવે ધાનેરાના અર્બન હેડ સેન્ટરની તો ત્યાં ગંદકી જ ગંદકી જોવા મળી રહી છે. લોકોને ત્યાંથી ચાલવુ હોય તો પણ મુશ્કેલ બને છે. માટે પાલિકાના સત્તાધીશોએ તાત્કાલિક ધોરણે સફાઈ કરાવવી જોઈએ નહીંતર દિવાળીના તહેવારોમાં ભારે રોગચાળો ફાટી નીકળે તો નવાઈ ન કહેવાય.








## પાલનપુર પાલિકા દ્વારા માર્ગોના બ્યુટીફીકેશનના કોન્ટ્રાક્ટરની બેદરકારીથી ત્રણને ઈજા

પાલનપુરના જાહેરમાર્ગોની સેન્ટ્રલ વર્જની બ્યુટીફીકેશનની કામગીરી નગરપાલિકા દ્વારા હાથ ધરાઈ છે. તેમાં બ્લોક નાંખવાની કામગીરી કોન્ટ્રાક્ટર દ્વારા રાત્રે કરવામાં આવે છે. મટીરીયલ રેતી બ્લોક જાહેર રોડ પર મુકતા ગત રાત્રીના સમયે શહેરના ગુરૂનાનક ચોકમાં રેલવે બ્રિજ તરફ જતા એક બાઈક સવારને રોડ પર પડેલ રેતીના ઢગલાને લીધે સ્લીપ ખાઈ જતા બાઈક સવાર અને બે મહિલાઓ રોડ પર પડી જતા ઈજાઓ થતા લોકો એકત્ર થઈ ગયા હતા. નગરપાલિકાના કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે રોષ વ્યક્ત કર્યો હતો. બેચરપુરા વિસ્તારના ઈજાગ્રસ્તોને પાલનપુર સિવિલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા.

# અરવલ્લી જિલ્લા ચતુર્થ પ્રજ્ઞાચક્ષુ ખેલ મહાકુંભમાં વિવિધ રમતોમાં ૧૬૪ ખેલાડીઓએ ભાગ લીધો

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લામાં આજે મોડાસા ખાતે કોલેજ ખેલ મેદાન કાતે અરવલ્લી જિલ્લાનો ચતુર્થ પ્રજ્ઞાચક્ષુ ખેલમહાકુંભ યોજાતા વિવિધ શામળભાઈ પટેલની ઉપસ્થિતિમાં ખુલ્લો મુકાયો હતો. જેમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ઉપરાંત એન.એ.બી. ઈન્ડીયાના પ્રમુખ અને અરવલ્લી જિલ્લા શાખાના ખેલાડીઓ અને ચેસની રમતમાં ૨૨ ખેલાડીઓએ ઉમંગભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષપદેથી ડે. કલેક્ટર શામળભાઈ પટેલે સતત ચાર વર્ષથી



રમતોમાં ૧૬૪ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં જિલ્લાના છ તાલુકાના પ્રજ્ઞાચક્ષુઓ જોડાયા હતા.

નેશનલ એસો. ફોર ધ બ્લાઈન્ડ સંસ્થા, અરવલ્લી જિલ્લા રમતગમત અધિકારી તથા સર્વોદય અંધજન મંડળના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ સમારોહને ડે. કલેક્ટર પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રજ્ઞાચક્ષુઓ ખેલ મહાકુંભમાં વિવિધ વિભાગોની લાંબી કૂદ, ગોળાફેંક, ચક્રફેંક, બરછી અને ચેસ સહિતની રમતોમાં ૧૬૪ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં એથ્લેટીક્સની રમતોમાં ૧૪૨ ખેલાડીઓ માટે મેદાન પુરૂ પાડનાર મ.લા. ગાંધી ઉ.કે. મંડળનો અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કર્યો હતો અને ખેલાડીઓને હિંમતભેર આગળ વધવા અનુરોધ કર્યો હતો. અંતમાં રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા વી.કે. સ્વામીએ આભાર દર્શન કર્યુ હતુ.






## ધાનેરામાં તસ્કરોએ પાંચ દુકાનના પતરા તોડી ચોરી કરતા ચકચાર

ધાનેરામાં ફરી આજે તસ્કરો ત્રાટક્યા હતા અને પાંચ દુકાનોના પતરા તોડી તેમાંથી ચોરી કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામ્યો છે. ધાનેરામાં પાંચ મકાનોના તાળા તોડી તસ્કરો લાખો રૂપિયાની મત્તા ચોરી ગયા હતા તે વાતને હજુ ફક્ત ૭ દિવસનો સમય થયો છે અને આજે ફરી ધાનેરા નેનાવા રોડ પર આવેલી એકતા મોટર્સ અહોરિયા ફર્નિચર પાર્લર તેમજ બે અન્ય દુકાનોમાં કોઈ અજાણ્યા ઈસમો દ્વારા મોડી રાત્રે દુકાનોના ઉપરના ભાગમાં ચડી પતરા તોડી દુકાનમાં ઉતર્યા હતા તેમાં પડેલ રકમ મોબાઈલ તેમાં સામગ્રી લઈ ગયા હતા તે બાદ એક વાડામાં પડી રહેલી ગાડીના ટાયર પણ તસ્કરો ચોરી ગયા હતા.

## મહેસાણા જિલ્લામાં ડેન્ગ્યુ-મેલેરીયા વિરોધી સઘન ઝુંબેશ હાથ ધરાઈ

મહેસાણા, તા. ૧૮

મહેસાણા જિલ્લામાં વાહકજન્ય રોગો, ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસો નોંધવા પામેલ છે. ડેન્ગ્યુએ વાયરસ (ડીઈએન-૧,૨,૩૪)થી થતો રોગ છે. એડીસ ઈજીપ્તી પ્રકારના ચેપી માદા વાહક મચ્છર દ્વારા તંદુરસ્ત વ્યક્તિને દિવસે કરડવાથી ફેલાય છે. આ મચ્છર ઘરની આસપાસ, ધાબા ઉપર, ફ્રીજની ટ્રે માં સંગ્રહિત ચોખ્ખા અને બંધિયાર પાણીમાં જ પેદા થાય છે. જેથી ઘરમાં સંગ્રહિત કરેલ પાણીની તમામ ટાંકાઓ, પાત્રોને માત્ર ઢાંકવાથી તેમજ ઘરની આસપાસ, ધાબા ઉપર ચોમાસા પહેલા કે બાદ બિન ઉપયોગી કાટમાળ નિકાલ, નાશ કરવાથી મચ્છર તેમાં ઈડાં મુકી ન શકે તો મચ્છર પેદા થતા નથી અને આ રોગથી બચી શકાય છે.

મહેસાણા જિલ્લામાં ડેન્ગ્યુ,મેલેરીયા જેવા વાહકજન્ય રોગ અટકાયતી અને નિયંત્રણ કામગીરીને ઝુંબેશરૂપે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ રાઉન્ડ ૧૭ ઓક્ટોબરથી ૨૨ ઓક્ટોબર સુધી ચાલુ કરવામાં આવી છે. જિલ્લાના આરોગ્ય કર્મચારી, આશા તેમજ આરોગ્ય સ્વંય સેવકો દ્વારા હાઉસ ટુ હાઉસ રૂબરૂ મુલાકાત કરીને રાજ્યમાં અને મહેસાણા જિલ્લાની તમામ ગ્રામ્ય વસ્તીમાં તાવના કેસો શોધીને સારવાર આપવામાં આવશે.

# પ્રાંતિજ અવર ઓન ઈંગ્લિશ મીડીયમ સ્કૂલનું ગૌરવ

## ફૂટબોલ સ્પર્ધામાં સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ



પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત અવર ઓન ઈંગ્લિશ મીડીયમ સ્કૂલની વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ-૨૦૧૬માં ફુટબોલ ટીમ અંડર ૧૭ ફૂટબોલ સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમા વિજય થયો હતો અને સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૧૬ માં પ્રાંતિજ અવર ઓન ઈંગ્લિશ મીડીયમ સ્કુલની ગર્લ્સ અને બોઈઝ જે ફૂટબોલ ટીમ અંડર ૧૭માં ભાગ લીધો હતો જેમાં ગર્લ્સ ટીમે સામે વાળી ટીમને પરાજય આપી વિજય મેળવ્યો હતો અને સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે જયારે વ્યાયામ શિક્ષક મહાવિરસિંહ ઝાલા, જીમી બારૈયા, દુબેન્દુ સહાનુ તથા ગર્લ્સ ટીમને શાળાના પ્રિન્સીપાલ રેખાબેન ગુપ્તા અને મંત્રી રઈશભાઈ કસ્બાતીએ અભિનંદન પાઠવ્યા હતા



## પાલનપુરમાં પ્રથમવાર આરએસએસ દ્વારા નવા ડ્રેસમાં પથ સંચલન

પાલનપુર, તા. ૧૮

પાલનપુર ખાતે રવિવારે આરએસએસનું પથસંચલન યોજાયું હતું. જેમાં બેંક સોસાયટી અંબાજી મંદિરની શાખાથી નીકળી દિલ્હીગેટ, સીમલા ગેટ, રેલવે સ્ટેશન, કીર્તિસ્તંભ, ગુરૂનાનક ચોક, બ્રિજેશ્વર કોલોની, શક્તિનગર થઈ નિજ સ્થળેથી પરત ફર્યું હતું. જેમાં સ્વયંસેવકો ચડ્ડીની જગ્યાએ પેન્ટમાં સજ્જ હતા. આમ પ્રથમવાર નવા ડ્રેસમાં પથ સંચલન યોજાયું હતું. જેનું ઠેર ઠેર સ્વાગત કરાયું હતું. તેમજ શસ્ત્રપૂજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો જોડાયા હતા.

## પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજનું ગૌરવ

### ચાલુ શાલે લેવાયેલ પરીક્ષાનું સો ટકા પરિણામ આવ્યુ

પ્રાંતિજ, તા .૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશન બાકલપુર ખાતે આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ બીએસસી નર્સિંગ ચોથા વર્ષની ચાલુ સાલે લેવાયેલ પરીક્ષાનું પરિણામ સો ટકા આવતાં કોલેજના સંચાલક દ્વારા વિદ્યાર્થીઓ અને કોલેજ સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

# ધાનેરામાં ગંગા પ્રસાદ કાર્યક્રમમાં ભાવિકો ઉમટ્યા

ધાનેરા, તા. ૧૮

ધાનેરામાં નગરપાલિકાના પૂર્વ પ્રમુખના ઘરે ગંગા પ્રસાદ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત અને રાજસ્થાનમાંથી કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત અને રાજસ્થાનમાંથી હજ્જારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને ધાનેરામાં વસતા તમામ જાતીના લોકોને પણ અને ગંગા પ્રસાદ લઈ રાવ પરિવારને અભિનંદન આપ્યા હતા. આવનાર મહેમાનોને કોઈ તકલીફ ન પડે તે માટે રાવ પરિવાર દ્વારા સુંદર આયોજન પણ કરવામાં આવ્યુંહતું. ભવ્ય ગંગા થાળીનું



હજ્જારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આવનાર મહેમાનોને તકલીફ ન પડે તે માટે સુંદર આયોજન પણ કરવામાં આવ્યું હતું.

ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ બળવંતજી છોગાજી રાવના માતા અવસાન પામતા તેમની પાછળ પૂર્વ પ્રમુખ દ્વારા ગંગા પૂજન અને ગંગાથાળી આમંત્રણ આપવામાં આવ્યુંહતું. તમામ લોકોએ ગંગા પ્રસાદનો લાભ લીધો હતો. ગંગા પૂજન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંતો મહંતો પણ પધાર્યા હતા અને રવિ પરિવાર દ્વારા સંતોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુંહતું. તો બીજી દૂર દૂરથી આવેલી રાવ સમાજના લોકો સહીત રાજકીય અગ્રણીઓ પણ આવ્યા હતા આયોજન કરી ધાનેરામાં એક અનોખુ વાતાવરણ ઉભુ કર્યું હતું. ગંગા પૂજન કાર્યક્રમમાં પધારેલા તમામ રાજકીય આગેવાનો ધાનેરાની તમામ જાતિના લોકો તેમજ ધાનેરાના અગ્રણીઓનો તેમજ આવનાર તમામ મહેમાનોનો બળવંતજી રાવ દ્વારા ખુબખુબ આભાર માનવામાં આવ્યો હતો.







## અંબાજી ખાતે જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક યોજાઈ

ગુજરાતમાં આગામી ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે પ્રચાર પસાર માટે દેશની સૌથી મોટા બે પક્ષ ભાજપ અને કોંગ્રેસ દ્વારા જાણે રણસીંગુ ફૂંકાઈ ગયું હોય તેમ તૈયારીઓમાં લાગી ગયા છે. પહેલા ભાજપ દ્વારા અંબાજી ખાતે જિલ્લા કારોબારીનું બેઠક યોજી હતી. ત્યારે હવે કોંગ્રેસ દ્વારા પણ આજે અંબાજી ખાતે જિલ્લા કારોબારીની બેઠકનો દોર આરંભાયો છે. આ બેઠકને કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી તેમજ કોંગ્રેસ રાષ્ટ્રીય મહામંત્રી મધુસૂદન મિસ્ત્રીએ દિપ પ્રગટાવીને બેઠકની શરૂઆત કરાવી હતી. જેમાં ભાજપા પર આકરા પ્રહારો કરાયા હતા. આ બેઠકમાં બનાસકાંઠા જિલ્લા સહીત સાબરકાંઠા તેમજ મહેસાણાના હોદ્દદારો પણ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે આગામી ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી જીતવાની વ્યુહરચનાની ચર્ચા કરાઈ હતી અને આગામી ૨૦ નવેમ્બરે અંબાજીથી કોંગ્રેસ દ્વારા નીકળનારી આદિવાસી ચેતના યાત્રાને લઈને તૈયારીઓ માટે પણ ચર્ચા આ બેઠકમાં કરાઈ હતી. આ યાત્રામાં આદિવાસી લોકો જ નહિ પણ તમામ જ્ઞાતિના પ્રશ્નોને વિકાસની વાતો લઈને નિકળશે. જેને પ્રસ્થાન કરવા રાહુલ ગાંધીને નિમંત્રણ અપાયું છે જ્યારે યાત્રાની પૂર્ણાહૂતી ડાંગના સબરી ગામ ખાતે સોનિયા ગાંધીના હસ્તે કરવાની જાહેરાત કરાઈ હતી. આ પ્રસંગે અંબાજી પરશુરામ પરીવારના ૨૦૦ જેટલા સભ્યોએ કોંગ્રેસમાં જોડાવવાની જાહેરાત કરાઈ હતી. જેમનું કેસ પહેરાવીને સ્વાગત કરાયું હતું.